# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
*Re-Accredited **Grade A** by NAAC*


વિષય :- શિષ્યવૃત્તિ / ફેલોશીપના પત્રકોમાં જરૂરી સહી / સિક્કા કરી આપવા બાબત.
સંદર્ભ :- અત્રેની કચેરીના પી.જી. વિભાગના પરિપત્ર ક્રમાંક નં.પીજીટીઆર/૨૮૯૩/૨૦૧૫ તા.૧૪/૦૭/૨૦૧૫.

<u>પરિપત્ર</u> :-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ. ફીલ., પીએચ. ડી.નો અભ્યાસ કરતાં તેમજ પીએચ. ડી.ની ડીગ્રી મેળવ્યા બાદ વિદ્યાર્થીઓને કેન્દ્ર સરકારશ્રી, રાજ્ય સરકારશ્રી, યુનિવર્સિટી, સરકારશ્રીની વિવિધ એજન્સીઓ દ્વારા ફેલોશીપ / પોસ્ટ ડૉક્ટરલ ફેલોશીપ આપવામાં આવે છે. સદર ફેલોશીપને લગતા સાધનિક કાગળો જેવા કે દરખાસ્ત / અરજીપત્ર, જોઇનીંગ રીપોર્ટ, યુટીલાઇઝેશન સર્ટીફીકેટ, સ્ટેટમેન્ટ ઓફ એક્ષ્પેન્ડીચર્સ, પ્રોગ્રેસ રીપોર્ટ વગેરેમાં વિદ્યાર્થીના ગાઇડ તથા સંસ્થાના વડાના સહી-સિક્કા કરાવવાના થાય છે. આ ઉપરાંત યુ.જી., પી.જી. કક્ષાએ મળવાપાત્ર થતી વિવિધ પ્રકારની શિષ્યવૃત્તિઓના અરજી ફોર્મમાં પણ સંસ્થાના વડાના સહી-સિક્કા કરવાના થાય છે. આ ઉપરાંત ફ્રી શીપ કાર્ડ અંગે પણ કાર્યવાહી કરવાની થાય છે. જે માટે નીચે મુજબની વિગતે કાર્યવાહી કરવાની રહેશે, જેની સંબંધિત સર્વેએ નોંધ લેવી.

* <u>ફેલોશીપ / પોસ્ટ ડૉક્ટરલ ફેલોશીપ્સ</u> :-

૧) યુનિવર્સિટી સ્થિત ભવનમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ.....

- ગાઇડશ્રી, ભવનના અધ્યક્ષશ્રીનાં સહી-સિક્કા થયા બાદ ગાઇડશ્રી દ્વારા સાધનિક કાગળો યુનિવર્સિટીનાં પી.જી.ટી.આર. વિભાગમાં રજૂ કરવાના રહેશે.
- પી.જી.ટી.આર. વિભાગ દ્વારા સાધનિક કાગળો પર કુલસચિવશ્રીનાં સહી-સિક્કા કરાવવાનાં રહેશે.

૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજો / માન્ય સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ....

- ગાઇડશ્રી અને / અથવા કોલેજના આચાર્યશ્રી / સંસ્થાના વડાના સહી-સિક્કા થયા બાદ ગાઇડશ્રી દ્વારા સાધનિક કાગળો યુનિવર્સિટીના પી.જી.ટી.આર. વિભાગમાં રજૂ કરવાના રહેશે.
- પી.જી.ટી.આર. વિભાગ દ્વારા સાધનિક કાગળો પર કુલસચિવશ્રીના સહી-સિક્કા કરાવવાના રહેશે.

* <u>શિષ્યવૃત્તિ</u> :-

- સરકારશ્રીના વિવિધ ખાતાઓ દ્વારા આપવામાં આવતી વિવિધ પ્રકારની શિષ્યવૃત્તિઓના ફોર્મમાં વિદ્યાર્થી જે ભવન / કોલેજ / સંસ્થામાં અભ્યાસ કરતા હોય, તે સંસ્થાના વડાએ જે તે સરકારી ઓફીસમાંથી અરજીપત્રો મેળવીને, વિદ્યાર્થીઓને પુરા પાડી, જે તે સરકારી કચેરીને મોકલી આપવાના રહેશે.

* **ફ્રી શીપ કાર્ડ :-**

- વિદ્યાર્થીઓ દ્વારા ફ્રી શીપ કાર્ડ સંસ્થામાં રજૂ કરવામાં આવે ત્યારે તેવા વિદ્યાર્થીઓની ફીઝ વિદ્યાર્થીઓ પાસેથી લેવાની રહેશે નહીં. પરંતુ તેવી ફીઝ સંસ્થાઓને સરકારશ્રીની સંબંધિત કચેરી તરફથી રીએમ્બર્સમેન્ટ તરીકે ચૂકવી આપવામાં આવશે.

(મુસદો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે )

સહી/-
(ડૉ. ધીરેન ડી. પંડ્યા )
કુલસચિવ

નં. એસ.સી.-એસ.ટી. સેલ/૨૬/'૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ.
તા.૦૫/૦૬/'૧૭

રવાના કર્યું
નાયબ કુલસચિવ
(એસ.સી.-એસ.ટી. સેલ)

પ્રતિ,
- યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ
- યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
- માન્ય સંસ્થાઓના વડાઓ

નકલ સાદર રવાના :-
માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

નકલ રવાના :-
૧) એકાઉન્ટ વિભાગ
૨) ઑડિટ વિભાગ
૩) પી. જી. વિભાગ
૪) શારીરિક શિક્ષણ વિભાગ / વિદ્યાર્થી કલ્યાણ વિભાગ